ગાંધીનગર સમાચાર

# સેંસેક્સમાં સૌથી મોટો ઘટાડો

મુંબઈ,તા.૧૦

શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. છેલ્લા એક મહિનાના ગાળામાં શેરબજારમાં સૌથી મોટો ઘટાડો એક દિવસમાં આજે નોંધાયો હતો. સેંસેક્સ આજે ૨૦૮ પોઈન્ટ ઘટીને ૨૭૦૫૭ની સપાટીએ બંધ રહ્યો હતો. મંગળવારના દિવસે ૫૪ પોઈન્ટનો ઘટાડો નોંધાયા બાદ સતત બીજા દિવસે સેંસેક્સમાં મોટો ઘટાડો આજે જોવા મળ્યો હતો. આરઆઈએલ, ઈન્ફોસીસ અને આઈટીસી સહિત બ્લુચીપમાં તીવ્ર મંદીના પરિણામ સ્વરુપે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. વૈશ્વિક બજારોમાં પ્રવર્તમાન પરિસ્થિતિ અને હાલની તેજી બાદ પ્રોફિટ બુકિંગની પ્રક્રિયા આજે ચાલુ હતી. સેશન દરમિયાન બીએસઈ ઈન્ડેક્સ નેગેટિવ ઝોનમાં રહ્યો હતો. સોમવારના દિવસે સેંસેક્સમાં રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી હતી. આજે ૨૦૮ પોઈન્ટના ઘટાડાને લઈને કારોબારીઓ નિરાશ દેખાયા હતા. ૮મી ઓગસ્ટ ૨૦૧૪ના દિવસે સેંસેક્સમાં ૨૬૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો ત્યારબાદથી આ સૌથી મોટો ઘટાડો આજે જોવા મળ્યો હતો. આવી જ રીતે નેશનલ સ્ટોક એક્સચેંજના ઈન્ડેક્સ નિફ્ટીમાં ૮૧૦૦થી નીચી સપાટી આજે જોવા મળી હતી. નિફ્ટીમાં ૫૯ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૮૦૯૪ રહી હતી. અગાઉના સેશનમાં તેમાં ૨૧ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. રિયાલીટી અને પાવર સેકટરના શેરમાં પસંદગીની લેવાલીના લીધે નુકસાન ઘટી ગયું હતું. મોટાભાગના શેરમાં આજે કડાકો બોલાઈ ગયો હતો. હિરો મોટો, ઈન્ફોસીસ, આઈટીસી, કોલ ઈન્ડિયા, એચડીએફસી લિમિટેડ, ભેલ, એલ એન્ડ ટી, મારુતિ સુઝુકી, એમ એન્ડ એમ, એસબીઆઈ, તાતા મોટર્સ, ટીસીએસ અને વિપ્રોમાં મોટો ઘટાડો રહ્યો હતો. સેંસેક્સના શેર પૈકી ૨૨ શેરમાં ઘટાડો રહ્યો હતો જ્યારે આઠ શેરમાં તેજી રહી હતી. બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૫૬ ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૧.૪૯ ટકા, એફએમસીજીમાં ૧.૪૮ ટકા, આઈટી ઈન્ડેક્સમાં ૧.૦૬ ટકા અને કેપિટલ ગુડ્ઝમાં ૦.૯૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૦.૦૮ ટકા અને ૦.૬૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.



## કેજરીવાલની ટીમ એલજીને મળી : સ્ટીંગની સીડી આપી

નવી દિલ્હી,તા. ૧૦

દિલ્હીમાં સરકાર રચવાની ચાલી રહેલી પ્રક્રિયા વચ્ચે આમ આદમી પાર્ટીના નેતાઓનું પ્રતિનિધિ મંડળ આજે ઉપરાજ્યપાલ નજીબ જંગને મળ્યુ હતું અને તેમના સપ્ટેમ્બરના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મોકલવામાં આવેલા પત્રને પરત ખેંચી લેવા માંગણી કરી હતી. ચોથી સપ્ટેમ્બરના દિવસે નજીબ જંગે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પત્ર લખીને સ્થિર સરકારની રચના કરવા ભાજપને આમંત્રણ આપવાની પરવાનગીની માંગ કરી હતી. અરવિંદ કેજરીવાલ, મનીષ સીસોદિયા, કુમાર વિશ્વાસનું બનેલું પ્રતિનિધિ મંડળ આજે નજીબ જંગને મળ્યું હતું. નજીબ જંગને મળ્યા બાદ પક્ષના નેતા મનીષ સિસોદિયાએ કહ્યું હતું કે, અમે એલજીને પોતાના સ્ટીંગની સીડી સોંપી દીધી છે જેમાં દર્શાવાયું છે કે, ભાજપના નેતા ચાર કરોડ રૂપિયામાં અમારા ધારાસભ્યોને ખરીદવાના પ્રયાસમાં છે. વીડિયો નિહાળે તેવી અમે અપીલ કરી છે. સિસોદિયાએ કહ્યું હતું કે, લેફટીગવર્નરને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મોકલવામાં આવેલા ચોથી સપ્ટેમ્બરના પત્રને ફરીથી ધ્યાનમાં લેવા પણ અપીલ કરી છે. આ પત્રમાં એલજીએ સરકાર બનાવવા માટે ભાજપને આમંત્રણ આપવાની માંગ કરી હતી.

આપ નેતા મનીષ સિસોદિયાએ કહ્યું હતું કે, ભલામણની સમીક્ષા કરવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે વધુમાં માહિતી આપી હતી કે, સીડીની એક નકલ એલજીને આપવામાં આવી છે. દિલ્હીમાં સરકાર બનાવવા માટે હોર્સ ટ્રેડિંગની પ્રક્રિયા ચાલી રહી હોવાનો એએપીએ ભાજપ પર આક્ષેપ કર્યો હતો. સિસોદિયાએ કહ્યું હતું કે, ભાજપ હોર્સ ટ્રેડિંગ મારફતે સરકાર બનાવશે તો દિલ્હીના લોકોની સમસ્યા ઉકેલાશે નહીં. આવી સરકાર દિલ્હીના લોકો પર બોજ બનશે. આ રીતે સરકારની રચના તેમના પર વિશ્વાસઘાત સમાન રહેશે. સિસોદિયાએ મોડેથી કહ્યું હતું કે, એએપી ભાજપને રોકવા માટે કટિબદ્ધ છે.

## ભાજપ પ્રમુખ અમિત શાહ સામે ચાર્જશીટ દાખલ

મુઝફ્ફરનગર,તા.૧૦

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ઉશ્કેરણીજનક ભાષણના મામલામાં તેમની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યા બાદ ભાજપના કાર્યકરો અને નેતાઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. અમિત શાહને ઉશ્કેરણીજનક ભાષણ આપવામાં આરોપી બનાવવામાં આવ્યા છે. લોકસભા ચૂંટણી દરમિયાન ચોથી એપ્રિલના દિવસે વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું જેમાં જાટ સમુદાયના લોકોને અપમાનનો બદલો લેવાની વાત કરવામાં આવી હતી. આ અગાઉ મુઝફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસા ફેલાઈ હતી. અમિત શાહની સામે મુઝફ્ફરનગર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. તેમની સામે ધાર્મિક ભાવનાઓને ભડકાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ભાજપના નેતા અમિત શાહે લોકસભાની ચૂંટણી દરમિયાન ચૂંટણી સભામાં ભાષણ આપ્યું હતું જેના ઉપર જોરદાર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો અને તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. વિરોધ પક્ષોનો આક્ષેપ હતો કે, ભાજપના નેતા મતોના ધ્રુવીકરણ કરવા માટે નિવેદન કરી રહ્યા છે. સૂત્રોએ



કહ્યું છે કે, આ ચાર્જશીટમાં અનેક ગંભીર કલમો ઉમેરવામાં આવી છે. લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન અમિત શાહે દ્વારકાપુરી સ્થિત એક આવાસમાં આયોજિત સભામાં વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. નવી મંડીમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો તે વખતે અમિત શાહ ભાજપના ઉત્તરપ્રદેશના ચૂંટણી પ્રભારી હતા. ભાજપે આને અમિત શાહની સામે કાવતરા તરીકે ગણાવીને આની ઝાટકણી કાઢી હતી. અમિત શાહ બીજા એવા ભાજપના નેતા છે જે સાંપ્રદાયિક ભાવનાઓને ભડકાવવાના મામલામાં ચર્ચામાં છે. ભાજપના અન્ય એક વરિષ્ઠ નેતા આદિત્યનાથ ઉપર પણ ચૂંટણી પંચે કાર્યવાહી હાથ ધરી છે. ચૂંટણી પંચે તેમના ભાષણોને ઉશ્કેરણીજનક ગણીને ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. આદિત્યનાથની મુશ્કેલીમાં વધારો થયો છે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની પેટાચૂંટણી ૧૩મી સપ્ટેમ્બરના દિવસે યોજાનાર છે. પેટાચૂંટણીને લઈને રાજકીય વાતાવરણ ગરમ છે ત્યારે આ પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા છે અને અમિત શાહ સામે ચાર્જશીટ દાખળ કરવામાં આવી છે જેની સીધી અસર જોવા મળે તેવી શક્યતા છે. ચૂંટણી સભાઓમાં ઉશ્કેરણીજનક ભાષણ બદલ અમિત શાહ સામે બિજનૌર અને સામલીમાં બે જુદી જુદી એફઆઈઆર દાખલ કરાઈ છે. અમિત શાહે બિજનૌર અને સામલી ખાતે રેલીમાં જાટ સમુદાયના લોકોને ગયા વર્ષના રમખાણ દરમિયાન મોતનો બદલો લેવા સૂચન કર્યું હતું. ભાજપના ઉમેદવારને મત આપી બદલો લેવાની વાત કરી હતી. ઈમરાન મસૂદ જે કોંગ્રેસના ઉમેદવાર હતા તેમની સામે પણ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ઈમરાન મસૂદે મોદીને મારી નાંખવાની ધમકી આપી હતી.

## ટુજી કેસમાં ૧૦ નવેમ્બરથી અંતિમ દલીલ પર સુનાવણી

નવીદિલ્હી, તા. ૧૦

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડ કેસમાં અંતિમ દલીલો ઉપર સુનાવણીની પ્રક્રિયા ૧૦મી નવેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે. આ કૌભાંડ કેસમાં ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ રાજા, ડીએમકેના સાંસદ કાનીમોઝી, ત્રણ કંપનીઓ સહિત અન્ય ૧૫ ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. ટુજી કૌભાંડ કેસમાં તપાસ હાથ ધરનાર સ્પેશિયલ સીબીઆઈ જજ ઓપી સૈનીએ ૧૦મી નવેમ્બર સુધી મામલાની સુનાવણી મોકૂફ કરી દીધી છે. આ કેસમાં સંરક્ષણ સાક્ષીઓના નિવેદનની નોંધણી કરવામાં આવ્યા બાદ સુનાવણી ૧૦મી નવેમ્બર સુધી મોકૂફ કરી દેવામાં આવી છે. જજે કહ્યું હતું કે, ૧૦મી નવેમ્બરના દિવસે સમગ્ર મામલાની સુનાવણી હાથ ધરવામાં આવશે. સીબીઆઈ વિરુદ્ધ રવિકાંત રુઈયા નામ આને આપવામાં આવ્યું છે. જુદા જુદા પુરાવા રજૂ કરવામાં આવનાર છે. આ કેસના સંબંધમાં ઈડીના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ રાજેશ્વરસિંહ સહિત પ્રોસીક્યુશન સાક્ષી તરીકે ઘણા લોકો સામે સમન્સ જારી કરવાની માંગ સીબીઆઈ દ્વારા કરવામાં આવી છે. સીબીઆઈની આ અરજી ઉપર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે.

સીબીઆઈએ કહ્યું છે કે, હાલમાં ચાલી રહેલી ટ્રાયલમાં સાક્ષી તરીકે આ લોકોની ચકાસણી પણ જરૂરી બની છે. કારણ કે, ઈડી દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન કેટલીક નવી બાબતો સપાટી ઉપર આવી છે. ઈડી દ્વારા ટુજી કૌભાંડ સાથે સંબંધિત મનીલોન્ડિરિંગ કેસમાં ૧૯ આરોપીઓ સામે અલગ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. કોર્ટે ૧૫૩ પ્રોસીક્યુશન સાક્ષીઓના નિવેદન નોંધ્યા છે. જ્યારે તેમના ડિફેન્સમાં ૨૯ સાક્ષીઓની ચકાસણી પણ કરવામાં આવી ચુકી છે.

## ઉશ્કેરણીજનક ભાષણ અંગે યોગી આદિત્યનાથને નોટીસ

નોઈડા,તા. ૧૦

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની પેટાચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમ બની રહ્યો છે. ભાજપના સ્ટાર પ્રચારક યોગી આદિત્યનાથને હવે ઉશ્કેરણીજનક ભા,ણ આપવા બદલ નોટીસ ફટકારી દેવામાં આવી છે. ચૂંટણી પંચે તેમના ભાષણની ગંભીર નોંધ લઈને નોટીસ આપી છે. આદિત્યનાથને નોઈડમાં પેટાચૂંટણીમાં પ્રચાર વેળા આદર્શ આંચારસંહિતાનો ભંગ કરવા બદ નોટીસ આપવામાં આવી છે. ગઈકાલે તેમને કારણદર્શક નોટીસ આપવામાં આવી હતી. તેમના પર ધાર્મિક ભાવના ભડકાવવા અને ધર્મના નામ પર મત માંગવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આદિત્યનાથની ટિપ્પણી અંગે જવાબ આપતા પંચે કહ્યું હતું કે



યોગીએ પ્રાથમિક રીતે આંચારસંહિતાનો ભંગ કર્યો છે. તેમની સામે પગલા કેમ લેવામાં આવવા જોઈએ નહી તે અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. પંચે કટોર વલણ અપનાવીને હાલમાં પરિસ્થિતી પર ચાંપતી નજર રાખી છે. રાજકીય પક્ષોની પ્રવૃતિ પર નજર રાખવામાં આવી રહી છ. આદિત્યનાથને ઉત્તરપ્રદેશમાં ભાજપ તરફથી પ્રચારના સ્ટાર પ્રચારક બનાવવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશમાં પેટાચૂંટણી ૧૩મી સપ્ટેમ્બરના દિવસે યોજનાર છે. તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે ઈતિહાસ સર્જીને ઉત્તરપ્રદેશમાં ૮૦ લોકસભા બેઠકોપૈકી ૭૦ જીતી લીધી હતી. જેથી તેના પર શાનદાર દેખાવ જારી રાખવા માટે દબાણ છે. બીજી બાજુ સમાજવાદી પાર્ટી અને અન્ય પ્રાદેશિક પળો તેમની સ્થિતીને મજબુત કરવાના પ્રયાસ કરી શકે છે. કારણ કે તેમની હાલત ખુબ કફોડી બની હતી. પેટાચૂંટણી તમામ રાજકીય પક્ષો માટે પડકારરૂપ છે. બહુજન સમાજ પાર્ટી મેદાનમાં નથી. લોકસભાની ચૂંટણીમાં પક્ષને એક પણ બેઠક ન મળ્યા બાદ માયાવતી ચૂંટણી મેદાનમાં ઉતરશે નહી.

**પંજાબમાં ગેંગરેપનો શિકાર થઇ**

## નિર્ભયા ઈલાજમાં સામેલ નર્સ પર હવે ગેંગરેપ થયો

માનસા,તા. ૧૦

દિલ્હી ગેંગરેપનો શિકાર થયેલી નિર્ભયાની સારવારમાં સહાયતા કરનાર સફદરજંગ હોસ્પિટલની એક સ્ટાફ નર્સ પંજાબના ગેંગરેપનો શિકાર થઈ છે. મળેલી માહિતી મુજબ આ નર્સને એક ઓળખીતી યુવતી બિમાર હોવાના બહાને પંજાબના બુઢલાડા ગામમાં બોલાવવામાં આવી હતી. સ્ટેશન ઉપર લેવા માટે પહોંચેલો યુવક તેને લઈને ખેતરમાં બનેલા એક રૂમમાં લઈ ગયો હતો જ્યાં એક વૃદ્ધ સહિત ચાર લોકોએ તેના ઉપર ગેંગરેપ ગુજાર્યો હતો. પોલીસે નિવેદન નોંધીને તબીબી ચકાસણી કરાવી છે.

આ મામલામાં પોલીસે આ યુવકની ધરપકડ કરી છે અને અન્ય કેટલાક લોકોની અટકાયત કરી છે. ભોગ બનેલી નર્સે પોલીસને માહિતી આપતા કહ્યું છે કે, તે સફદરજંગ હોસ્પિટલમાં નર્સ તરીકે છે. થોડાક સમય પહેલા જ તેને એક ગામમાં સારવાર માટે બોલાવવામાં આવી હતી. એક યુવતી રમનદીપ કૌર થોડાક સમય પહેલા દિલ્હી આવી હતી અને તેની સાથે તેની ઓળખ થઈ હતી. રમનદીપની હાલત ખરાબ છે તેવી માહિતી આપવામાં આવ્યા બાદ આ નર્સ તેને મળવા માટે પહોંચી હતી પરંતુ તે ગેંગરેપનો શિકાર થઈ હતી.

## ભીષણ અથડામણમાં વધુ ત્રણ ત્રાસવાદી મોતને ઘાટ

શ્રીનગર,તા. ૧૦

ઉત્તર કાશ્મીરમાં અંકુસ રેખા પર સેના સાથેની અથડામણમાં આજે સવારે ત્રણ ખતરનાક ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. તેમની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો મળી આવ્યો હતો. સંરક્ષણ પ્રવકતાએ કહ્યું હતું કે સવારમાં કુપવારા જિલ્લામાં કેરન અગ્રીમ વિસ્તારમાં અંકુશ રેખા પર કેટલાક ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ ઓપરેસન હાથ ધરવામાં આવ્યું હતુ. આ અથડામણમાં ત્રણ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. તેમની પાસેથી મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હત. આ ત્રાસવાદીઓ ક્યા સંગઠનના હતા તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી. જમ્મુ કાશ્મીરમાં મોટી સંખ્યમાં આતંકવાદીઓ હજુ પણ સક્રિય થયેલા છે તે બાબત હવે સાબિત થઈ રહી છે. દરરોજ અથડામણ થઈ રહી છે. આ આતંકવાદીઓ તક મળતાની સાથે જ સુરક્ષા દળો અને સામાન્ય લોકોને ટાર્ગેટ બનાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે ઉત્તર કાશ્મીરમાં એક ભીષણ અથડામણમાં લશ્કરે તોઈબાના કમાન્ડર ઠાર થતાં આતંકવાદી સંગઠનને મોટો ફટકો પડ્યો હતો. તોઈબાના ટોચના ત્રાસવાદીને કુપવારા જિલ્લામાં ઠાર મારી દેવામાં આવ્યો હતો. લારીબાગ વિસ્તારમાં મોટી સંખ્યામાં આતંકવાદીઓ છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ રાષ્ટ્રીય રાયફલના જવાનોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. હેન્ડવારા વિસ્તારમાં રાષ્ટ્રીય રાયફલના જવાનો દ્વારા આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ જોરદાર અથડામણ શરૂ થઈ હતી. આ આતંકવાદીઓ ગોળીબાર શરૂ કરી દીધો હતો જેના જવાબમાં જવાબી કાર્યવાહી કરવામાં આવતા આ વિદેશી આતંકવાદી ઠાર થયો હતો. તેની પાસેથી મોટી માત્રામાં હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. આ આતંકવાદીઓની ઓળખ ઉંમર ભટ્ટી તરીકે કરવામાં આવી હતી.

**મોરપીંછના રંગ (પાના નં. ૪ નું ચાલુ)**

એક પુસ્તકનું સર્જન સાવ એમ જ નથી થતું. ઘણી વખત લેખકના આખા જીવનનો અર્ક એક પુસ્તકમાં હોય છે અને એવા જ સત્ત્વશીલ પુસ્તકો અમરત્ત્વને પ્રાપ્ત કરી શકે છે. પુસ્તકો તો યુગ અને સંસ્કૃતિના રક્ષક છે. અને તેથી જ દરેક યુગના મહાન તત્વચિંતકોએ પુસ્તકનું મહત્ત્વ સ્વીકાર્યું છે. થોમસ કાર્લાઈલ કહે છે કે - પુસ્તક સંગ્રહ એ જ સાચું વિશ્વ વિદ્યાલય છે. રૂસી કવિ ‘અનાતોલી સોફ્રોનોવ કહે છે કે, ‘પુસ્તકો સાચા મિત્રો છે, તમારા પુસ્તકો ક્યારેય કોઈને વાચવા ન આપો. મારું પુસ્તકાલય બીજાઓના પુસ્તકોથી જ બનેલું છે.’

નેપોલિયન યુદ્ધ વખતે પણ પુસ્તકો સાથે લઈ જતો અને યુદ્ધ વિરામ વખતે પુસ્તકો વાંચીને શાંતિ-પ્રેરણા મેળવતો હતો. આવા તો અનેક ઉદાહરણો છે. આપણે કદીએ બ્રહ્માંડનું પરિભ્રમણ નથી કરી શકવાના પરંતુ પુસ્તક દ્વારા એ અનુભવ મેળવી શકીએ છીએ. જાણી શકીએ છીએ. આજે દુનિયાના તમામ વિષયોના પુસ્તકો, તમામ ભાષાના પુસ્તકો પ્રાપ્ત થાય છે. હા, કદાચ થોડા મોંઘા લાગતા હશે પરંતુ સો-બસો રૂપિયાની ફિલ્મ જોવી, સી.ડી. લેવી એના કરતા સો રૂપિયાનું પુસ્તક લઈને આખું ઘર વાંચી શકે છે અને આવા પચ્ચીસ પચાસ પુસ્તકો ઘરના બેઠક ખંડમાં હશે તો આવનાર મહેમાનોના મનમાં આપણું સ્થાન પણ ઊંચું અંકાશે. કેમકે પુસ્તક એ સાચા સંસ્કારની નિશાની છે. હું તો ત્યાં સુધી કહું છું કે જે ઘરમાં પુસ્તકો હશે તે ઘરમાં ઈશ્વરની તસ્વીર નહીં હોય, પૂજા-પાઠ ન થાય તો પણ ચાલશે. કેમકે જે કાર્ય ઈશ્વરનું છે તે જ કાર્ય પુસ્તક કરે છે. ઈશ્વરની જેમ પુસ્તક પણ પથદર્શક છે. તેથી જે ઘરમાં પુસ્તકો છે તે ઘર મંદિર બરાબર છે. જો આપણે આપણા ઘરને મંદિર બનાવવું હોય તો થોડા સારા-ઉત્તમ પુસ્તકો ખરીદીને વસાવવા જોઈએ. દર મહિને માત્ર સો-બસો રૂપિયાના પુસ્તકો ખરીદવાનો ક્રમ રાખવો જોઈએ. કોઈને લગ્ન પ્રસંગે-બર્થ ડે કે પાર્ટી વખતે સો-બસોની પ્રેઝન્ટ આપવા કરતા આટલી જ કિંમતમાં એકાદ ઉત્તમ પુસ્તક ખરીદીને એ ભેટ આપીશું તો એનું જીવન પણ સંસ્કારમય બનશે અને આપણી પણ ઈજ્જત વધશે. અલગ નોંધ લેવાશે.

દોસ્તો, હવે આપણે નક્કી કરવાનું છે કે આપણે આપણા બાળકોને ટી.વી. સિરિયલ, વીડિયોગેમ, કોમ્પ્યૂટરને હવાલે કરવું છે કે પુસ્તકોને હવાલે કરીને સુશિક્ષિત અને સંસ્કારી બનાવવું છે ! તો આવો આજથી આપણે પ્રતિજ્ઞા કરીએ કે દર મહિને ઓછામાં ઓછું એક પુસ્તક તો વસાવીશું જ...!

બોલો.. ઓમ પુસ્તકાલય નમઃ...!

## ભારત-અફઘાન વિવિધ મુદ્દા ઉપર સહકાર કરવા સહમત

કાબૂલ, તા. ૧૦

અફઘાનિસ્તાનમાં લોકશાહી વ્યવસ્થા સ્થાપિત કરવાના પ્રયાસો વચ્ચે વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ અને અફઘાન પ્રમુખ હમીદ કરઝાઈએ આજે સુરક્ષા અને સંરક્ષણ સંબંધોને વધારવા ઉપર સહમતિ દર્શાવી હતી. બંને નેતાઓએ યુદ્ધગ્રસ્ત દેશમાં રાજકીય અને સુરક્ષા સ્થિતિ ઉપર ચર્ચા વિચારણા કરી હતી. સહકાર વધારવા માટે પણ બંને દેશો રાજી થયા હતા. સુષ્મા સ્વરાજે જુદા જુદા પડકારોને પહોંચી વળવા અફઘાનિસ્તાનને સંભવિત તમામ મદદ કરવા ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી હતી અને જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનમાં પુનઃ નિર્માણની પ્રવૃત્તિમાં ભારત મહત્વપૂર્ણ યોગદાન આપશે. વેપાર સંબંધોને વધારવાની જરૂરિયાત ઉપર બંને દેશો ભાર મુક્યો હતો. વિદેશમંત્રી તરીકે પ્રથમ યાત્રાએ પહોંચેલા સુષ્મા સ્વરાજ સીધીરીતે એરપોર્ટથી પ્રમુખના રાજમહેલ ઉપર પહોંચ્યા હતા જ્યાં જુદા જુદા ચાવીરુપ મુદ્દાઓ ઉપર કરઝાઈ સાથે વાતચીત થઈ હતી. વાતચીત દરમિયાન રાજકીય સ્થિતિ ઉપર ચર્ચા થઈ હતી. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, અફઘાનિસ્તાનમાં જુદા જુદા વિકાસના પ્રોજેક્ટોને ભારત ઝડપી બનાવશે. નાટો ફોર્સ દ્વારા દેશમાંથી પીછેહઠ કરવાની તૈયારી ચાલી રહી છે. અફઘાનિસ્તાન સુરક્ષા પડકારોને પહોંચી વળવામાં ઈચ્છુક છે અને ભારત તેને મદદ કરવા માટે તૈયાર છે. અફઘાને તેની સુરક્ષા જરૂરિયાતો અંગે ભારતને માહિતી આપી હતી. સુષ્મા સ્વરાજ અગાઉ કાબૂલ પહોંચ્યા હતા. સુષ્મા સ્વરાજની આ અફઘાન યાત્રાને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે, દેશમાં તાલિબાન અને અન્ય આતંકવાદ સાથે સંબંધિત તત્વો સક્રિય થઈ રહ્યા છે. આ વર્ષના અંત સુધી નાટોના સૈનિકો પરત જતા રહ્યા બાદ અફઘાનમાં આતંકવાદી ગતિવિધિ વધે તેવા સંકેત છે.

**લાગણીનો મેળો (પાના નં. ૪ નું ચાલુ)**

આપણે જોયુ હશે કે કર્મ જ ભિખારીને અબજોપતિ બનાવે છે અને મોટા સમ્રાટને સત્તા સ્થાનેથી વધ સ્થાને લઈ જાય છે. ગીતાકારે તેથી જ કહ્યું છે કે ‘કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન’ કર્મનો જ અધિકારી છે. યોગ્ય અને યથા સમયે ફળપ્રાપ્તિ થાય જ. આ જગત પાઠશાળા પણ છે અને ન્યાયશાળા પણ છે. કર્મનો કાયદો નિરપવાદપણે પોતાનું કાર્ય કર્યે જ જાય છે. જેમાં પ્રભુનો હસ્તક્ષેપ પણ નથી હોતો.

અહી એક વાત યાદ આવે છે... આલ્ફ્રેડ નોબેલ અઢળક કમાયો. કરોડોનું દાન પણ કરતો. પણ જીવન અશાંત હતું. - માંડો પડ્યો અને છાપામાં ભૂલથી તે મૃત્યુ પામ્યો છે તેમ છપાયું. લોકોમાં આનંદ આનંદ વ્યાપી ગયો... પોતે વાંચ્યું અને વિચારમાં પડી ગયો મેં મારું જીવન એવું કેવું વિતાવ્યું કે મારા મોતથી લોકો રાજી થાય? - બરબાદી ને વિનાશ સર્જે તેવા સ્ફોટક સાધનોની શોધથી અનેક પરિવારો પાયમાલ કર્યા છે, નિરાધાર બનાવ્યા છે, અનેકોનો સંહાર કર્યો છે. આ નાનકડા પ્રસંગથી ચિત્તમાં ચોટ લાગી - તેને વિલ તૈયાર કર્યું - તેણે તૈયાર કરાવેલ વિલ પ્રમાણે વિશ્વશાંતિ અને કલ્યાણકારી શોધ માટે શક્તિ વાપરનારા પાંચ મહા માનવોને દર વર્ષે પારિતોષિક (નોબેલ પ્રાઈઝ) રૂપે દરેક ને બે લાખ રૂપિયા આપવાનું નક્કી કરાયું. તેને જીવનની દિશા બદલી નાખી.

મિત્રો, આપણે પણ આપણા જીવનમાં જરાક ડોકિયું કરીએ અને વિચારીએ આપણે કયા પ્રકારમાં છીએ અને કેવા પ્રકારમાં જવું જોઈએ...

સ્પર્શમણિ -

મકાનનો થાંભલો તો જોયો છેને? થાંભલો શબ્દનો સાચો અર્થ છે થા....ભલો

પોતાના અસ્તિત્વ દ્વારા એ આવો આદેશ આપે છે. થાંભલો સીધો, સરળ, સુંવાળો, અને સહનશીલ હોય છે. એ મજબૂત રહે ત્યાં જ સુધી મકાન મજબૂત રહે. એ ડગે તો મકાન જમીનદોસ્ત બને. એવી જ રીતે, ભલા માનવીઓ જ જગતની સંસ્કૃતિના થાંભલાઓ છે. તેમની હયાતીને કારણે જ જગત જીવવા જેવું લાગે છે...

ટેકા વગર આકાશ ઉભું રહ્યું છે તે પણ આવા લોકોના પૂણ્ય પ્રતાપે જ ...

- Rasikvalnd1965@gmail.com

## સમાચાર ઝલક

- સાબર ડેરીની ગોલ્ડન જયુબીલી વર્ષ ઉજવાશે.
- બોલીવુડની બ્યુટી કિવન ઐશ્વર્યા રાય બચ્ચન દક્ષિણ કોરિયન ફિલ્મની રીમેકમાં દેખાશે.
- એસ.એસ.સી. માર્કશીટ કૌભાંડમાં સરકારના જવાબદારો સામેના પગલાથી હાઈકોર્ટ નારાજ.
- પ્રાયોગિક ધોરણે સેમી હાઈસ્પીડ ટ્રેનો વધુ દોડાવાશે.
- લાંચ પ્રકરણમાં નારાયણ સાંઈના જામીન હાઈકોર્ટે પણ ફગાવ્યા.
- સામર્પણ કરી ચુકેલા ત્રાસવાદીઓનો બી.એસ.એફ.માં ભરતી કરાશે.
- ૧૨ હજારથી વધુ ગીતો ગાનાર આશા ભોંસલેનો ૮૨માં વર્ષમાં પ્રવેશ.
- ગુજરાતમાં પ્રતિ વ્યકિત દુધનો વપરાશ પંજાબ કરતા અડધો છે.
- કુદરતી આફતથી દિવાળી પર કાશ્મીરની ટુરમાં ઘટાડાની દહેશત.
- ટંકારા પેટા ચૂંટણીની કામગીરીથી નિરીક્ષક નારાજ. ડેપ્યુટી કલેક્ટર-મામલતદારને નોટીસ.
- ખાદ્યતેલોમાં ૩ વર્ષના સૌથી તળીયે ભાવો.
- ભાવનગરની કોર્ટમાં વિકરાળ આગ, રેકર્ડ ભસ્મી ભૂત.
- તા.૧૫મી સપ્ટેમ્બર સુધી દેશભરમાં વરસાદની આગાહી.
- ગંગા શુદ્ધિકરણ યોજનામાં ઈઝરાયેલે મદદની તૈયારી દર્શાવી.